# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## પરીક્ષા ફી ભરવા માટે સમય આપવા અંગેની જાહેરાત

## જા. ક્ર. ૧૬૧/૨૦૧૮૧૯ - સર્વેયર

મંડળ દ્વારા સચિવાલયના જુદા જુદા વિભાગોના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ હસ્તકના જુદા જુદા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ ભરવા માટે તા. ૨૫/૦૭/૨૦૧૯ ના રોજ સંયુકત જાહેરાત ક્રમાંકઃ ૧૫૨/૨૦૧૮૧૯ થી ૧૬૬/૨૦૧૮૧૯ પ્રસિદ્ધ કરી લાયક ઉમેદવારોના ઓન-લાઇન અરજીપત્રકોના રજીસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. ત્યારબાદ જા.ક્ર. ૧૬૧/૨૦૧૮૧૯ - સર્વેયર સંવર્ગની શૈક્ષણિક લાયકાતમાં સુધારો થતાં સુધારેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને પોતાની ઉમેદવારી નોંધાવવા માટેના ઓન-લાઇન અરજીપત્રકો રજીસ્ટર્ડ કરવા માટે ઉકત જાહેરાત તા. ૧૬/03/૨૦૨૦ થી તા. 30/03/૨૦૨૦ સુધી રી-ઓપન કરવામાં આવેલ હતી. અને તેમાં બિન અનામત વર્ગના ઉમેદવારો માટે પરીક્ષા ફી ભરવા માટેની છેલ્લી તા. ૦૪/૦૪/૨૦૨૦ સુધીની રાખવામાં આવેલ હતી. પરંતુ ઉકત સમયગાળા દરમ્યાન કોવિડ-૧૯ ની મહામારીના કારણે સરકારશ્રી દ્વારા તા. ૨૫/03/૨૦૨૦ થી લોકડાઉન જાહેર કરવામાં આવતાં બિન અનામત વર્ગના કેટલાક ઉમેદવારો પરીક્ષા ફી ભરી ન શકતાં કેટલાક ઉમેદવારો તરફથી પરીક્ષા ફી ભરવા માટે સમય વધારવા માટેની રજુઆત કરવામાં આવેલ હતી. જે સંદર્ભે રાજયમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ બિન અનામત વર્ગના જે ઉમેદવારોની પરીક્ષા ફી ભરવાની રહી ગયેલ છે તેવા ઉમેદવારો પરીક્ષા ફી ભરી શકે તે માટે મંડળ દ્વારા તા. ૧૭/૦૮/૨૦૨૦ થી તા. ૨૫/૦૮/૨૦૨૦ સુધી કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસ મારફત પરીક્ષા ફી સ્વીકારવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જે અનુસાર બિન અનામત વર્ગના જે ઉમેદવારોની પરીક્ષા ફી ભરવાની રહી ગયેલ છે તેવા ઉમેદવારો ઉકત સમયગાળા દરમ્યાન OJAS ની વેબસાઇટ પરથી ચલણની પ્રિન્ટ લઇ કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસમાં પરીક્ષા ફી ભરી શકશે. **જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.**

સ્થળઃ- ગાંધીનગર
તારીખ- ૧૭/૦૮/૨૦૨૦

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
ગાંધીનગર